# “ભારતમાં ઔદ્યોગિક શ્રમિકોના વ્યવસાયિક અને કાર્યસ્થળ સ્વાસ્થ્ય સંબંધિત પડકારો: એક વિવેચનાત્મક સમીક્ષા”

યોગેશભાઈ લીટુભાઈ થોરાત

**Ph.D. scholar,**
**H.N.G.U.Patan**
**Email:- thoraty75@gmail.com**
**0009-0004-8140-1718**

સત્યમ્ જ્ઞાનમ્ અનન્તમ્ NARMAD SOUTH GUJARAT UNIVERSITY

## સારાંશ:

ભારતમાં ઝડપથી વિસ્તરતા ઔદ્યોગિક ક્ષેત્રમાં શ્રમિકો આર્થિક વિકાસના મુખ્ય આધારસ્તંભ છે, તેમ છતાં તેમના વ્યવસાયિક સ્વાસ્થ્ય અને સુરક્ષા સંબંધિત સમસ્યાઓ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. પ્રસ્તુત ગૌણ માહિતી પર આધારિત સંશોધનમાં શ્રમ મંત્રાલયના અહેવાલો, ILOના પ્રકાશનો તથા અન્ય સંશોધનોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ દર્શાવે છે કે શ્રમિકો રાસાયણિક અને યાંત્રિક જોખમો, કાર્યસ્થળ અકસ્માતો, વધારે પડતા કાર્યબોજ અને માનસિક તણાવનો સામનો કરે છે. અભ્યાસના તારણો દર્શાવે છે કે 'વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યકારી શરતો સંહિતા–2020' જેવા તાજેતરના કાયદાકીય સુધારાઓ અમલમાં આવ્યા હોવા છતાં, પાયાના સ્તરે તેમની અસરકારક અમલવારીમાં ખામીઓ અને શ્રમિકોમાં સ્વાસ્થ્ય તથા સુરક્ષા પ્રત્યેની જાગૃતિનો અભાવ એક મહત્વપૂર્ણ અવરોધરૂપ સાબિત થાય છે. સંશોધન અંતે એ નિષ્કર્ષ પર પહોંચે છે કે આધુનિક સુરક્ષા વ્યવસ્થાઓની સાથે સાથે ભારતીય જ્ઞાન પ્રણાલી આધારિત જીવનશૈલી, માનવીય મૂલ્યોને કેન્દ્રમાં રાખતું વ્યવસ્થાપન અને સમગ્ર સ્વાસ્થ્ય અભિગમ અપનાવવાથી શ્રમિકોના સ્વાસ્થ્યમાં ટકાઉ સુધારો શક્ય બને, તેમજ ઔદ્યોગિક ઉત્પાદકતા અને સામાજિક કલ્યાણ બંનેમાં વૃદ્ધિ કરી શકાય.

## ૧. પ્રસ્તાવના:

### ૧.૧ ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય: ભારતમાં ઔદ્યોગિક વિકાસ અને શ્રમિકોની ભૂમિકા

ભારતમાં ઔદ્યોગિક વિકાસનો પાયો બ્રિટિશ શાસન દરમિયાન નંખાયો, જ્યાં શ્રમિકોનું સુરક્ષા અને સ્વાસ્થ્ય સુવિધાઓ વિના મોટાપાયે શોષણ થતું હતું. આઝાદી બાદ, શ્રમિકોના હિતોના રક્ષણ માટે 'ફેક્ટરી એક્ટ, 1948' અમલમાં આવ્યો, જેણે કાર્યસ્થળની સુરક્ષા, આરોગ્ય અને કામના કલાકો માટે પ્રથમ વખત કાયદાકીય માળખું પૂરું પાડ્યું. ૧૯૫૧ના નિયોજિત વિકાસથી લઈ ૧૯૯૧ના ઉદારીકરણ સુધીના પ્રવાસમાં શ્રમિકોની ભૂમિકા 'સંખ્યાત્મક' થી બદલાઈને 'કૌશલ્ય આધારિત' બની છે. જોકે, ઐતિહાસિક વિરોધાભાસ એ રહ્યો છે કે ટેકનોલોજીકલ પ્રગતિની સરખામણીએ શ્રમિકોના માનવીય અધિકારોનું સંરક્ષણ હંમેશા એક પડકાર રહ્યો છે.

### ૧.૨ આર્થિક મહત્વ: GDPમાં ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો

ભારતીય અર્થતંત્રમાં ઔદ્યોગિક ક્ષેત્ર GDPમાં મહત્વનો ફાળો આપવાની સાથે લાખો પરિવારોના જીવનનિર્વાહનું સાધન છે. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ, ઉત્પાદકતા અને માનવ સંસાધન વચ્ચે અતૂટ સંબંધ છે. શ્રમિકોની સુરક્ષાની અવગણનાથી થતું આર્થિક નુકસાન સામાજિક નુકસાન

કરતાં પણ મોટું હોઈ શકે છે. 'મેક ઇન ઇન્ડિયા' જેવા રાષ્ટ્રીય સંકલ્પો ત્યારે જ સાર્થક થશે જ્યારે ઔદ્યોગિક વૃદ્ધિની સાથે શ્રમિકોના સુરક્ષા કવચમાં પણ ગુણાત્મક સુધારો આવશે.

### ૧.૩ વર્તમાન સ્થિતિ: આધુનિક પડકારો અને OSH Code 2020

૨૧મી સદીનો ઔદ્યોગિક વિકાસ દ્વિમુખી માર્ગ પર છે. એકબાજુ ટેકનોલોજી ઉત્પાદન ક્ષમતા વધારે છે, તો બીજીબાજુ 'કરાર આધારિત પ્રથા' અને વધતો 'માનસિક તણાવ' શ્રમિકના પાયાના હિતોને નુકસાન પહોંચાડે છે. આ પડકારોને પહોંચી વળવા સરકાર દ્વારા 'વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યકારી શરતો સંહિતા–2020' (OSH Code) દ્વારા જૂના કાયદાઓનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. ટેકનોલોજીકલ કાર્યક્ષમતા સાથે માનવીય ગરિમાનું સંતુલન જ હવે ટકાઉ વિકાસનો સાચો માર્ગ છે.

## ૨. સાહિત્યની સમીક્ષા:

પ્રસ્તુત સંશોધન વિષયના ઊંડાણપૂર્વક અભ્યાસ માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના અહેવાલો, સરકારી પ્રકાશનો અને વિવિધ વિદ્વાનોના સંશોધન પત્રોની સમીક્ષા કરવામાં આવી છે, જે નીચે મુજબના મુખ્ય વિભાગોમાં વહેંચાયેલ છે:

### ૨.૧. વૈશ્વિક અને રાષ્ટ્રીય નીતિવિષયક પરિપ્રેક્ષ્ય

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO, 2022-2024) ના અહેવાલો મુજબ, વિશ્વભરમાં દર વર્ષે લાખો શ્રમિકો કાર્યસ્થળના અકસ્માતો અને વ્યવસાયિક બીમારીઓનો ભોગ બને છે. ILO એ "Decent Work" (ગૌરવપૂર્ણ કાર્ય) ની વિભાવના રજૂ કરી છે, જે શ્રમિક કલ્યાણને સીધી રીતે ઔદ્યોગિક ઉત્પાદકતા સાથે જોડે છે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય (2020-2023) ના વાર્ષિક અહેવાલો દર્શાવે છે કે 'વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યકારી શરતો સંહિતા-2020' દ્વારા કાયદાકીય માળખું તો મજબૂત બન્યું છે, પરંતુ રાજ્ય સ્તરે તેની અમલવારીમાં હજુ પણ અસમાનતા અને નિરીક્ષણની મર્યાદાઓ વર્તાય છે.

### ૨.૨. વ્યવસાયિક બીમારીઓ અને અકસ્માતોનું આંકડાકીય વિશ્લેષણ

શ્રમિક રાજ્ય વીમા નિગમ (ESIC, 2020-2024) ના આંકડાઓ એક ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. આ અહેવાલો મુજબ, ભારતીય શ્રમિકોમાં ઈજાઓ ઉપરાંત શ્વસનતંત્રના રોગો, ચામડીના રોગો અને હાડકા-સ્નાયુ સંબંધિત સમસ્યાઓનું પ્રમાણ સૌથી વધુ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) ના તાજેતરના ડેટા પણ પુષ્ટિ કરે છે કે બાંધકામ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં

અકસ્માતજન્ય મૃત્યુના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, જે કાર્યસ્થળ પર સુરક્ષા સાધનોની તાતી જરૂરિયાત સૂચવે છે.

### ૨.૩. વ્યવસાયિક સ્વાસ્થ્ય સેવાઓ અને સુરક્ષા સંસ્કૃતિ

ડૉ. ટી.કે. જોશી (2003, 2011) એ તેમના અભ્યાસમાં ભાર મૂક્યો છે કે ભારતમાં 'પ્રિવેન્ટિવ હેલ્થ સિસ્ટમ' (નિવારક આરોગ્ય પ્રણાલી) અત્યંત નબળી છે. તેમના મતે, વ્યવસાયિક સ્વાસ્થ્યને જાહેર આરોગ્ય નીતિનો મુખ્ય હિસ્સો બનાવવો અનિવાર્ય છે. તેવી જ રીતે, કશ્યપ (2014) અને ગુપ્તા તથા મહાજન (2017) ના સંશોધનો જણાવે છે કે નાના અને મધ્યમ ઉદ્યોગોમાં સુરક્ષાના નિયમોનું પાલન માત્ર 'કાગળ પર' સીમિત રહે છે. વાસ્તવિક તાલીમ અને જોખમ મૂલ્યાંકન નો અભાવ અકસ્માતો માટે મુખ્યત્વે જવાબદાર છે.

### ૨.૪. માનસિક સ્વાસ્થ્ય અને આધુનિક કાર્યસંસ્કૃતિ

કોવિડ-૧૯ પછીના સમયગાળામાં શ્રમિકોના માનસિક સ્વાસ્થ્ય પર થતા પ્રભાવો વિશે કુમાર અને શ્રીવાસ્તવ (2019) નું સંશોધન નોંધપાત્ર છે. તેઓ દર્શાવે છે કે 'કરાર આધારિત રોજગાર' અને 'ટાર્ગેટ આધારિત કાર્યસંસ્કૃતિ' ને કારણે શ્રમિકોમાં કાર્ય અસુરક્ષા અને માનસિક તણાવ વધ્યો છે. આ તણાવ અંતે શ્રમિકોની ગેરહાજરીમાં પરિણમે છે અને એકંદર ઔદ્યોગિક ઉત્પાદકતાને નુકસાન પહોંચાડે છે.

## ૩. સંશોધનના હેતુઓ:

1. ભારતમાં ઔદ્યોગિક શ્રમિકોના વ્યવસાયિક સ્વાસ્થ્ય અને કાર્યસ્થળ સુરક્ષા સંબંધિત મુખ્ય પડકારોની ઓળખ કરવી.
2. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ઔદ્યોગિક પરિસ્થિતિઓના પ્રભાવનું વિશ્લેષણ કરવું.
3. Occupational Safety, Health and Working Conditions Code ની અમલવારીનું મૂલ્યાંકન કરવું.
4. વ્યવસાયિક સ્વાસ્થ્ય અને ઔદ્યોગિક ઉત્પાદકતા વચ્ચેના સંબંધનું વિવેચનાત્મક અભ્યાસ કરવો.
5. ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટે નીતિવિષયક ભલામણો રજૂ કરવી.

## ૪. પરિકલ્પનાઓ:

H01. ભારતમાં ઔદ્યોગિક શ્રમિકોના વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને કાર્યસ્થળ સુરક્ષા સંબંધિત કોઈ મુખ્ય પડકારો જોવા મળતા નથી.

H02.ઔદ્યોગિક પરિસ્થિતિઓનો શ્રમિકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર કોઈ મહત્વપૂર્ણ પ્રભાવ નથી.

H03. Occupational Safety, Health and Working Conditions Code, 2020 ની અમલવારી સંપૂર્ણ રીતે અસરકારક છે અને તેમાં કોઈ નોંધપાત્ર ખામીઓ નથી.

H04. વ્યવસાયિક સ્વાસ્થ્ય અને ઔદ્યોગિક ઉત્પાદકતા વચ્ચે કોઈ મહત્વપૂર્ણ સંબંધ નથી.

H05. નીતિ હસ્તક્ષેપો (જેમ કે તાલીમ, જાગૃતિ, સુરક્ષા વ્યવસ્થાઓ) શ્રમિકોના સ્વાસ્થ્ય અથવા ઔદ્યોગિક વિકાસ પર કોઈ મહત્વપૂર્ણ અસર કરતા નથી.

## ૫. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક સ્વરૂપનો છે અને સંપૂર્ણપણે ગૌણ માહિતી પર આધારિત છે. અભ્યાસનો હેતુ ભારતીય ઔદ્યોગિક શ્રમિકોના વ્યવસાયિક સ્વાસ્થ્ય અને કાર્યસ્થળ સુરક્ષા સંબંધિત સ્થિતિનું સમીક્ષાત્મક મૂલ્યાંકન કરવાનો હોવાથી વિશ્વસનીય સંસ્થાઓના અહેવાલો અને આંકડાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### ૫.૧. સંશોધન ગેપ

અગાઉના મોટાભાગના સંશોધનો મુખ્યત્વે ઔદ્યોગિક અકસ્માતોના આંકડાકીય પૃથ્થકરણ અને કાયદાકીય જોગવાઈઓના વર્ણનાત્મક અભ્યાસ પૂરતા જ સીમિત રહ્યા છે, જેમાં શ્રમિકોના માત્ર શારીરિક સ્વાસ્થ્ય પર ભાર મૂકવામાં આવ્યો છે. જોકે, વર્તમાન બદલાતા ઔદ્યોગિક વાતાવરણમાં 'વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યકારી શરતો સંહિતા–2020' (OSHW Code) ના કાયદાકીય માળખા અને જમીની સ્તરની વાસ્તવિક અમલવારી વચ્ચેના તુલનાત્મક પાસાંઓ પર સંકલિત અભ્યાસનો અભાવ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસ આ સંશોધન અવકાશને પૂરવાનો પ્રયાસ કરે છે, જેમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને એકીકૃત કરી, શ્રમિકોની સુખાકારી અને ઔદ્યોગિક ઉત્પાદકતા વચ્ચેના સીધા સંબંધનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આ સંશોધન આધુનિક ટેકનોલોજી અને આર્થિક વૃદ્ધિની સાથે શ્રમિકોના સમગ્ર સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતા માનવકેન્દ્રિત અભિગમનું વિશ્લેષણ કરી એક નવીન દૃષ્ટિકોણ પૂરો પાડે છે.

## ૬. ભારતીય ઉદ્યોગોમાં સ્વાસ્થ્ય અને સુરક્ષાના પડકારો

ભારતમાં ઔદ્યોગિક વિકાસે રોજગાર અને ઉત્પાદનક્ષમતામાં નોંધપાત્ર વધારો કર્યો છે, છતાં કાર્યસ્થળ સુરક્ષા અને વ્યવસાયિક સ્વાસ્થ્ય સંબંધિત પડકારો હજી પણ ગંભીર છે. શારીરિક અને માનસિક બંને પ્રકારના જોખમો શ્રમિકોના સ્વાસ્થ્ય, ઉત્પાદકતા અને સામાજિક સુરક્ષા પર સીધી અસર કરે છે.

### ૬.૧. શારીરિક જોખમો

#### ૬.૧.૧. ઔદ્યોગિક અકસ્માતો

ઔદ્યોગિક ક્ષેત્રમાં ખાસ કરીને ખાણ, બાંધકામ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રોમાં અકસ્માતોની સંભાવના વધુ હોય છે. Ministry of Labour and Employment ના અહેવાલો મુજબ દર વર્ષે નોંધાયેલ ઔદ્યોગિક અકસ્માતોની સંખ્યા ચિંતાજનક સ્તરે રહે છે.

**અકસ્માતોના મુખ્ય કારણો:**

- સુરક્ષા સાધનોનો અભાવ, તાલીમની અછત, યાંત્રિક ખામીઓ, માનવ ભૂલ . નાના અને મધ્યમ ઉદ્યોગોમાં સુરક્ષા ઓડિટ અને નિયમિત નિરીક્ષણનો અભાવ ગંભીર સમસ્યા તરીકે સામે આવે છે.

#### ૬.૧.૨. રાસાયણિક અને શ્વસન સંબંધિત રોગો

રાસાયણિક ઉદ્યોગો, ટેક્સટાઇલ, સિમેન્ટ અને ખાણ ઉદ્યોગોમાં કાર્યરત શ્રમિકો લાંબા ગાળે ધૂળ, ઝેરી વાયુઓ અને કેમિકલ્સના સંપર્કમાં રહે છે. Employees' State Insurance Corporation ના આરોગ્ય દાવા આંકડાઓ મુજબ શ્વસન સંબંધિત રોગો, ચામડીના રોગો, સિલિકોસિસ જેવી વ્યવસાયિક બીમારીઓ નો પ્રમાણ નોંધપાત્ર છે. લાંબા ગાળાના રાસાયણિક સંસર્ગને કારણે ફેફસાંની ક્ષમતા ઘટે છે અને ઉત્પાદનક્ષમતામાં ઘટાડો થાય છે.

#### ૬.૧.૩. શ્રવણ શક્તિમાં ઘટાડો

મશીનરી આધારિત ઉદ્યોગોમાં સતત ઊંચા ધ્વનિ સ્તરને કારણે એક સામાન્ય સમસ્યા બની રહી છે. ખાસ કરીને સ્ટીલ, ટેક્સટાઇલ અને ઓટોમોબાઈલ ઉદ્યોગોમાં સુરક્ષા સાધનો નો નિયમિત ઉપયોગ ન થવાને કારણે શ્રવણ શક્તિમાં કાયમી નુકસાન થાય છે.

### ૬.૨. માનસિક પાસાઓ

#### ૬.૨.૧. અતિશય કાર્ય કલાકો

ઘણા ઉદ્યોગોમાં ૮ કલાકની મર્યાદા હોવા છતાં ઓવરટાઈમ અને ટાર્ગેટ આધારિત કાર્ય પદ્ધતિ સામાન્ય છે. લાંબા સમય સુધી કામ કરવાથી થાક, બર્નઆઉટ અને કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે.

#### ૬.૨.૨. નોકરીની અસુરક્ષા

ઉદારીકરણ પછી કરાર આધારિત રોજગારનો પ્રમાણ વધ્યું છે. આ પરિસ્થિતિમાં શ્રમિકોમાં રોજગારની અસુરક્ષા વધે છે, જે માનસિક તણાવનું મુખ્ય કારણ બને છે.

### ૬.૨.૩. કાર્યસ્થળ તણાવ

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (ILO) ના અહેવાલો દર્શાવે છે કે માનસિક તણાવ અને કાર્ય - જીવન અસંતુલન ઉત્પાદનક્ષમતાને ઘટાડે છે. Post-COVID સમયગાળામાં કાર્યસ્થળ પર આરોગ્ય સંબંધિત અનિશ્ચિતતા વધુ સ્પષ્ટ બની છે.

માનસિક તણાવના પરિણામો:1. ઊંઘની સમસ્યાઓ 2. ડિપ્રેશન 3. કાર્ય પ્રેરણામાં ઘટાડો

### ૬.૩. આંકડાકીય વિશ્લેષણ

નીચેનો ટેબલ તાજેતરના ઉપલબ્ધ સંસ્થાગત અહેવાલોના આધારે દર્શાવેલ સામાન્ય પ્રવૃત્તિ રજૂ કરે છે:

| વર્ષ | નોંધાયેલ ઔદ્યોગિક અકસ્માતો | વ્યવસાયિક ઈજાઓ (ESIC દાવા) | મુખ્ય નોંધાયેલ રોગો |
|---|---|---|---|
| 2020 | મધ્યમ સ્તર (COVID અસર) | ઊંચું | શ્વસન રોગો |
| 2021 | વધારો | વધારો | ચામડી, શ્વસન |
| 2022 | વધુ નોંધાયેલ | સ્થિર પરંતુ ઊંચું | મસ્ક્યુલો-સ્કેલેટલ |
| 2023 | સ્થિર | વધારો | શ્વસન + તણાવ |

**"Source: Compiled from DGFASLI Annual Reports and ESIC Statistical Abstracts (2020-2023)."**

**વિશ્લેષણાત્મક નોંધ**

- અકસ્માતોની નોંધણીમાં વધારો એ જાગૃતિ વધવાના કારણે પણ હોઈ શકે છે.
- ESIC ડેટા દર્શાવે છે કે નિવારક ઉપાયો કરતાં વીમા આધારિત પ્રતિકારાત્મક પ્રણાલી વધુ કાર્યરત છે.
- માનસિક સ્વાસ્થ્ય સંબંધિત માહિતી હજુ પૂરતા પ્રમાણમાં દસ્તાવેજીકૃત નથી.

**સંક્ષિપ્ત નિષ્કર્ષ**

ભારતીય ઉદ્યોગોમાં શારીરિક અને માનસિક બંને પ્રકારના જોખમો સહઅસ્તિત્વ ધરાવે છે. ટેકનોલોજીકલ વિકાસ છતાં સુરક્ષા સંસ્કૃતિ સંપૂર્ણપણે સ્થાપિત થઈ નથી. કાયદાકીય માળખું હોવા છતાં, તેની અસરકારક અમલવારી અને જાગૃતિ વધારવાની તાતી જરૂરિયાત છે.

## ૭. કાયદાકીય માળખું: Occupational Safety, Health and Working Conditions Code, 2020

ભારતમાં ઔદ્યોગિક શ્રમિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે કાયદાકીય માળખું સમયાંતરે વિકસતું આવ્યું છે. સ્વતંત્રતા પછી લાંબા સમય સુધી અલગ-અલગ ક્ષેત્રો માટે જુદા કાયદાઓ અમલમાં હતા. 2020માં કેન્દ્ર સરકારે ચાર શ્રમ સંહિતાઓ અમલમાં લાવીને

સમગ્ર કાયદાકીય માળખાને સંકલિત કરવાનો પ્રયાસ કર્યો, જેમાં Occupational Safety, Health and Working Conditions Code એક મહત્વપૂર્ણ સુધારો છે.

## ૭.૧. જૂના અને નવા કાયદાઓ વચ્ચેનો તફાવત

### ૭.૧.૧. જૂનો કાયદો: Factories Act

Factories Act, 1948 મુખ્યત્વે ફેક્ટરીઓમાં કામ કરતા શ્રમિકોની સુરક્ષા, આરોગ્ય અને કલ્યાણ માટે રચાયેલ હતો. તેની મુખ્ય જોગવાઈઓમાં નીચે મુજબ હતી:

- કામના કલાકોની મર્યાદા, સુરક્ષા સાધનોની ફરજિયાત વ્યવસ્થા, મહિલાઓ અને કિશોરો માટે વિશેષ જોગવાઈઓ, આરોગ્ય અને સ્વચ્છતા સંબંધિત નિયમો.

પરંતુ સમય જતાં ઉદ્યોગોની પ્રકૃતિ બદલાઈ, ગિગ વર્ક, કોન્ટ્રાક્ટ લેબર અને સેવા ક્ષેત્રનો વિકાસ થયો, જે Factories Actની વ્યાખ્યામાં સંપૂર્ણપણે આવરી લેવાતા નહોતા.

### ૭.૧.૨. નવો કાયદો: OSH Code 2020

OSH Code 2020 એ અગાઉના 13 અલગ-અલગ કાયદાઓને સંકલિત કરીને એક એકીકૃત માળખું બનાવ્યું છે. આ કોડ ફેક્ટરીઓ ઉપરાંત ખાણ, બાંધકામ, ડોક વર્ક, પ્લાન્ટેશન વગેરે ક્ષેત્રોને પણ આવરી લે છે.

મુખ્ય તફાવત:

| વિગત | Factories Act 1948 | OSH Code 2020 |
|---|---|---|
| આવરણ | ફેક્ટરીઓ સુધી મર્યાદિત | વિવિધ ક્ષેત્રોનો સમાવેશ |
| કાયદાઓની સંખ્યા | અલગ-અલગ કાયદા | 13 કાયદાઓનું એકીકરણ |
| ડિજિટલ પ્રાવધાન | મર્યાદિત | ઓનલાઈન રજીસ્ટ્રેશન અને રિટર્ન |
| દંડ | તુલનાત્મક રીતે ઓછા | દંડ અને જવાબદારીમાં વધારો |

Source: Government of India. (1948). *The Factories Act, 1948 (Act No. 63 of 1948)*. Ministry of Law and Justice.

Government of India. (2020). The Occupational Safety, Health and Working Conditions Code, 2020 (Act No. 37 of 2020). Ministry of Law and Justice.

## ૭.૨. OSH Code 2020 ની મુખ્ય લાક્ષણિકતાઓ

1. સુરક્ષા અને આરોગ્ય ધોરણોનું સંકલન
2. મહિલાઓ માટે રાત્રિ પાળીની પરવાનગી (શરતો સાથે)
3. મેડિકલ ચેક-અપ અને આરોગ્ય નિરીક્ષણ
4. ડિજિટલ કમ્પ્લાયન્સ સિસ્ટમ
5. સુરક્ષા સમિતિઓ

### ૭.૩. અમલીકરણની મર્યાદાઓ

કાયદાકીય માળખું મજબૂત હોવા છતાં તેની અસરકારકતા અમલીકરણ પર આધારિત છે. જમીન સ્તરે કેટલાક મહત્વપૂર્ણ પડકારો સામે આવે છે:

#### ૭.૩.૧. નિરીક્ષકોનો અભાવ

ઘણા રાજ્યોમાં શ્રમ નિરીક્ષકોની સંખ્યા મર્યાદિત છે, જેના કારણે નિયમિત નિરીક્ષણ શક્ય બનતું નથી. પરિણામે, નાના અને મધ્યમ ઉદ્યોગોમાં કાયદાનું પાલન ઔપચારિકતા પૂરતું જ રહે છે.

#### ૭.૩.૨. ભ્રષ્ટાચાર અને કાગદી પાલન

કેટલાક અભ્યાસો દર્શાવે છે કે "paper compliance" સામાન્ય છે - એટલે કે રેકોર્ડમાં બધું યોગ્ય દર્શાવાય છે, પરંતુ વાસ્તવિક સુરક્ષા સાધનો અને તાલીમનો અભાવ રહે છે.

#### ૭.૩.૩. અનૌપચારિક ક્ષેત્ર

ભારતમાં મોટા પ્રમાણમાં શ્રમિકો અનૌપચારિક ક્ષેત્રમાં કાર્યરત છે, જ્યાં OSH Codeનો અમલ મર્યાદિત છે. આ ક્ષેત્રમાં નોંધણી અને નિરીક્ષણ બંનેમાં ખામી જોવા મળે છે.

#### ૭.૩.૪. જાગૃતિનો અભાવ

શ્રમિકોમાં પોતાના અધિકારો અંગે પૂરતી જાગૃતિ ન હોવાને કારણે તેઓ ઘણીવાર જોખમોની ફરિયાદ કરતા નથી.

#### સંક્ષિપ્ત વિશ્લેષણ

OSH Code 2020 કાયદાકીય દૃષ્ટિએ એક પ્રગતિશીલ અને સંકલિત સુધારો છે. તે અગાઉના વિખરાયેલા કાયદાઓને એકીકૃત કરીને આધુનિક ઔદ્યોગિક માળખાને અનુરૂપ બનાવે છે. તેમ છતાં, કાયદાની અસરકારકતા તેની અમલવારી, પારદર્શિતા અને સંસ્થાગત ક્ષમતાઓ પર નિર્ભર છે.

અત્યારે સ્પષ્ટ થાય છે કે "નીતિગત સુધારા" અને "પાયાના સ્તર પર અમલીકરણ " વચ્ચેનું અંતર હજી પણ ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પડકાર છે.

## ૮. ભારતીય જ્ઞાન પ્રણાલી અને જીવનશૈલીનો અભિગમ

ભારતીય ઔદ્યોગિક વિકાસના વર્તમાન પરિપ્રેક્ષ્યમાં, શ્રમિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને માત્ર કાયદાકીય જોગવાઈઓથી જ નહીં પરંતુ માનવીય અને સર્વગ્રાહી દૃષ્ટિકોણથી પણ સમજવાની આવશ્યકતા છે. ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge System – IKS)

માનવકેન્દ્રિત અને સમન્વિત જીવનદૃષ્ટિ પ્રદાન કરે છે, જે ઔદ્યોગિક સંચાલનમાં ટકાઉ સ્વાસ્થ્ય અભિગમ વિકસાવવામાં સહાયક બની શકે છે.

**૮.૧ માનવીય મૂલ્યો: શ્રમિક 'સંસાધન' નહીં, 'સહભાગી'**

આધુનિક ઉદ્યોગ વ્યવસ્થામાં ઘણીવાર શ્રમિકોને "માનવ સંસાધન" તરીકે જોવામાં આવે છે, જે ઉત્પાદન પ્રક્રિયાનો એક ઘટક છે. ભારતીય પરંપરાગત વિચારધારામાં, ખાસ કરીને અર્થશાસ્ત્રમાં શ્રમિકોને રાજ્યની આર્થિક શક્તિનો આધારસ્તંભ ગણાવવામાં આવ્યા છે.

કૌટિલ્યના મતે, રાજ્યની સમૃદ્ધિ તેના પ્રજાજનોના કલ્યાણ સાથે સીધી રીતે જોડાયેલી છે. આ વિચારધારા સૂચવે છે કે શ્રમિકોને માત્ર શ્રમદાતા નહીં પરંતુ સંસ્થાના સહભાગી તરીકે માન્યતા આપવી જોઈએ. મૂલ્ય આધારિત સંચાલનના દૃષ્ટિકોણથી, ન્યાયસંગત વેતન, સુરક્ષિત કાર્ય પરિસ્થિતિ, સંવાદ અને ભાગીદારી આ બધું માત્ર કલ્યાણ નહીં પરંતુ ઉત્પાદકતા વધારવાનો આધાર બને છે.

**૮.૨. આરોગ્ય સંભાળ: આયુર્વેદિક દૃષ્ટિકોણ અને જીવનશૈલી**

ભારતીય જ્ઞાન પરંપરામાં આરોગ્યને "શરીર–મન–આત્મા" ના સમન્વય તરીકે જોવામાં આવે છે. ચરક સંહિતા મુજબ આરોગ્યનું મૂળ સંતુલિત આહાર, નિયમિત જીવનશૈલી અને માનસિક સ્થિરતામાં નિહિત છે. ઔદ્યોગિક સંદર્ભમાં આ વિચારધારા નીચે પ્રમાણે લાગુ પડી શકે:

- કાર્યસ્થળ પર પોષણયુક્ત આહાર વ્યવસ્થા, નિયમિત આરોગ્ય તપાસ, નિવારક આરોગ્ય અભિગમ

**યોગ અને ધ્યાનનું મહત્વ**

પતંજલિના યોગસૂત્રોમાં મન અને ચેતનાના નિયંત્રણ દ્વારા તણાવ નિવારણ પર ભાર મુકવામાં આવ્યો છે. જેમાં કાર્યસ્થળ પર: 1.યોગ સત્રો, 2.પ્રાણાયામ, 3.ધ્યાન, જેવા પગલાં માનસિક તણાવ ઘટાડવામાં, એકાગ્રતા વધારવામાં અને કાર્યક્ષમતા સુધારવામાં સહાયક બની શકે છે. વૈશ્વિક સ્તરે અનેક સંસ્થાઓએ કાર્યસ્થળ સુખાકારી કાર્યક્રમો અપનાવ્યા છે, જેનું મૂળ ભારતીય યોગ પરંપરામાં છે.

**૮.૩. તણાવ નિવારણ અને નૈતિક સંચાલન**

આધુનિક ઔદ્યોગિક વ્યવસ્થામાં તણાવનું મુખ્ય કારણ છે:

- લક્ષ્ય આધારિત કાર્ય, નોકરીની અસુરક્ષા, સ્પર્ધાત્મક દબાણ એ ભારતીય નૈતિક દૃષ્ટિકોણ ‘ધર્મ’ અને ‘સમત્વ’ પર આધારિત છે, જે સંચાલનમાં સંતુલન અને ન્યાય પર ભાર મૂકે છે.

મૂલ્ય આધારિત સંચાલન અંતર્ગત:

- પારદર્શિતા, જવાબદારી, કર્મચારીઓ સાથે સંવાદ. આ અભિગમ સંસ્થામાં વિશ્વાસ અને પ્રતિબદ્ધતા વિકસાવે છે

સંકલિત વિશ્લેષણ

ભારતીય જ્ઞાન પ્રણાલી કાયદાકીય માળખાનો વિકલ્પ નથી, પરંતુ પૂરક અભિગમ છે. જ્યાં OSH Code 2020 સુરક્ષા માટે ઔપચારિક માળખું આપે છે, ત્યાં IKS માનસિક અને નૈતિક મજબૂતી પ્રદાન કરે છે.

ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટે: કાયદો + જાગૃતિ + માનવીય મૂલ્યો + સર્વગ્રાહી આરોગ્ય અભિગમ, આ ચારેય તત્વોનો સંકલન આવશ્યક છે.

## ૯.તારણો અને સૂચનો

આ અભ્યાસ દ્વારા ગૌણ માહિતી, કાયદાકીય વિશ્લેષણ અને સંસ્થાગત અહેવાલોના આધારે ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રમાં શ્રમિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ તારણો સામે આવે છે.

### ૯.૧. મુખ્ય તારણો

#### ૯.૧.૧. કાયદાકીય માળખું મજબૂત, પરંતુ અમલીકરણ નબળું

વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યકારી શરતો સંહિતા–૨૦૨૦ દ્વારા સુરક્ષા અને આરોગ્ય માટે સંકલિત માળખું ઉભું કરવામાં આવ્યું છે, છતાં જમીન સ્તરે તેની અસરકારક અમલવારી મર્યાદિત છે. “નીતિ-અમલીકરણ વચ્ચેનું અંતર” સ્પષ્ટ રીતે દેખાય છે.

#### ૯.૧.૨. શારીરિક જોખમો હજી પણ પ્રબળ

ઔદ્યોગિક અકસ્માતો, રાસાયણિક સંસર્ગ અને અવાજથી થતી શ્રવણશક્તિમાં ઘટાડો જેવી સમસ્યાઓ હજુ પણ અનેક ઉદ્યોગોમાં હાજર છે. ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોમાં સુરક્ષા સાધનો અને તાલીમનો અભાવ છે.

### ૯.૧.૩. માનસિક તણાવ વધતું ચિંતાજનક પરિબળ

લાંબા કાર્યકલાકો, કરાર આધારિત રોજગાર અને નોકરીની અસુરક્ષા માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે. કાર્યસ્થળે તણાવ ઉત્પાદકતાને સીધી અસર કરે છે.

### ૯.૧.૪. નિવારક અભિગમનો અભાવ

હાલની વ્યવસ્થા મુખ્યત્વે અકસ્માત બાદની કાર્યવાહી પર આધારિત છે, જ્યારે નિવારક અને સર્વગ્રાહી સ્વાસ્થ્ય અભિગમ પૂરતો વિકસ્યો નથી.

## ૯.૨. ભલામણો

### ૯.૨.૧. વ્યૂહાત્મક સૂચનો

- શ્રમ નિરીક્ષકોની સંખ્યા વધારવી અને પારદર્શક નિરીક્ષણ પ્રણાલી વિકસાવવી.
- OSH Code 2020 ની અમલવારી માટે રાજ્ય સ્તરે સ્પષ્ટ માર્ગદર્શિકા અને સમયબદ્ધ સમીક્ષા.
- અનૌપચારિક ક્ષેત્રને કાયદાકીય માળખામાં વધુ અસરકારક રીતે આવરી લેવું.
- રાષ્ટ્રીય સ્તરે વ્યવસાયિક સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન શરૂ કરવો.

### ૯.૨.૨. ઉદ્યોગ સાહસિકો માટે નીતિવિષયક ભલામણો

- સુરક્ષા ઓડિટ અને જોખમ મૂલ્યાંકન નિયમિત કરવું.
- કર્મચારીઓ માટે ફરજિયાત સુરક્ષા તાલીમ.
- કાર્યસ્થળ સુખાકારી કાર્યક્રમો (યોગ, ધ્યાન, કાઉન્સેલિંગ) શરૂ કરવું.
- સલામતી સમિતિઓને કાર્યક્ષમ બનાવવી અને શ્રમિકોની ભાગીદારી વધારવી.

સુરક્ષા ખર્ચને ખર્ચ તરીકે નહીં પરંતુ "ઉત્પાદકતામાં રોકાણ" તરીકે જોવાની જરૂર છે.

### ૯.૨.૩. ટ્રેડ યુનિયનો માટે સૂચનો

- શ્રમિકોમાં તેમના કાયદાકીય અધિકારો અંગે જાગૃતિ વધારવી.
- સુરક્ષા મુદ્દાઓને સામૂહિક વાટાઘાટોમાં પ્રાથમિકતા આપવી.
- વ્યવસાયિક સ્વાસ્થ્ય ડેટાના દસ્તાવેજીકરણમાં સહભાગી થવું.

## ૯.૩. ડિજિટલ મોનિટરિંગ અને સ્માર્ટ સેફ્ટી ગેજેટ્સની જરૂરિયાત

આધુનિક ટેકનોલોજી સુરક્ષા ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. જેવી કે IoT આધારિત સેન્સર દ્વારા ગેસ લીકેજ અને તાપમાનનું મોનિટરિંગ, પહેરવા યોગ્ય સલામતી ઉપકરણો, AI આધારિત જોખમ પૂર્વાનુમાન, ઓનલાઈન કમ્પ્લાયન્સ અને ડિજિટલ ઇન્સ્પેક્શન

સિસ્ટમ વગેરે ડિજિટલ દેખરેખથી પારદર્શિતા વધે છે, માનવ ભૂલ ઘટે છે અને સમયસર પ્રતિસાદ શક્ય બને છે.

ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રમાં ટકાઉ વિકાસ માટે માત્ર કાયદાકીય સુધારાઓ પૂરતા નથી. અસરકારક અમલવારી, ટેકનોલોજીકલ સંકલન અને માનવીય મૂલ્યો આધારિત સંચાલનનું સંયોજન આવશ્યક છે.

**સુરક્ષા + જાગૃતિ + ટેકનોલોજી + માનવકેન્દ્રિત અભિગમ = ટકાઉ ઔદ્યોગિક વિકાસ**

## ૧૦. ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનથી સ્પષ્ટ થાય છે કે ભારતના ઔદ્યોગિક વિકાસમાં શ્રમિકો કેન્દ્રસ્થાન પર છે, પરંતુ તેમના સ્વાસ્થ્ય અને સુરક્ષા સંબંધિત પ્રશ્નો હજી પણ પૂરતા પ્રમાણમાં ઉકેલાયેલા નથી. ગૌણ માહિતીના વિશ્લેષણથી જાણવા મળે છે કે શારીરિક જોખમો - જેમ કે ઔદ્યોગિક અકસ્માતો, રાસાયણિક સંસર્ગ અને શ્રવણ શક્તિમાં ઘટાડો એ આજે પણ અનેક ઉદ્યોગોમાં પ્રચલિત છે. સાથે સાથે, માનસિક તણાવ, કાર્ય અસુરક્ષા અને લાંબા કાર્યકલાકો જેવા નવા પડકારો શ્રમિકોના સર્વાંગી સ્વાસ્થ્યને અસર કરે છે.

કાયદાકીય દૃષ્ટિએ, વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓનો કોડ એ અગાઉના વિખરાયેલા કાયદાઓને એકીકૃત કરીને મજબૂત માળખું ઉભું કર્યું છે. છતાં, અમલવારીની મર્યાદાઓ, નિરીક્ષણની અછત અને અનૌપચારિક ક્ષેત્રની વ્યાપકતા તેના પ્રભાવને મર્યાદિત કરે છે. આથી "નીતિગત સુધારણા" અને "જમીન સ્તરની વાસ્તવિકતા" વચ્ચેનો અંતર હજી પણ સ્પષ્ટ છે.

આ અભ્યાસનો મુખ્ય નિષ્કર્ષ એ છે કે ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટે કાયદાકીય સુધારા પૂરતા નથી. સુરક્ષા સંસ્કૃતિ, ડિજિટલદેખરેખ, નિવારક આરોગ્ય અભિગમ અને ભારતીય જ્ઞાન પ્રણાલી આધારિત માનવીય મૂલ્યોનો સંકલન જરૂરી છે. જ્યારે શ્રમિકોને 'સંસાધન' નહીં પરંતુ 'સહભાગી' તરીકે માન્યતા આપવામાં આવે છે, ત્યારે ઔદ્યોગિક ઉત્પાદકતા અને સામાજિક કલ્યાણ બંનેમાં સંતુલિત વૃદ્ધિ શક્ય બને છે.

અંતે, ઔદ્યોગિક પ્રગતિનો સાચો માપદંડ માત્ર ઉત્પાદન નહીં પરંતુ શ્રમિકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને ગૌરવમાં રહેલો છે.

## ૧૧. સંદર્ભ સૂચિ


- Employees' State Insurance Corporation. (2023). *Annual report 2022–23*. ESIC, Government of India.
- Gupta, R., & Mahajan, S. (2017). Workplace safety practices in Indian manufacturing sector. *Indian Journal of Industrial Relations, 52*(3), 412–428.
- International Labour Organization. (2022). *World employment and social outlook: Trends 2022*. ILO Publishing.
- International Labour Organization. (2023). *Safety and health at the heart of the future of work*. ILO.
- Joshi, T. K. (2011). Occupational health and safety in India: Status and challenges. *Indian Journal of Occupational and Environmental Medicine, 15*(2), 45–49.
- Kashyap, G. C. (2014). Industrial accidents in India: An analysis of trends and causes. *Economic and Political Weekly, 49*(15), 67–74.
- Kumar, S., & Srivastava, P. (2019). Workplace stress and employee productivity in Indian industries. *International Journal of Management Studies, 6*(2), 89–101.
- Ministry of Labour and Employment. (2023). *Annual report 2022–23*. Government of India.
- National Crime Records Bureau. (2023). *Accidental deaths and suicides in India 2022*. Ministry of Home Affairs, Government of India.
- Occupational Safety, Health and Working Conditions Code, 2020, No. 37, Acts of Parliament, 2020 (India).
- Factories Act, 1948, No. 63, Acts of Parliament, 1948 (India).
- DGFASLI. (2023). *Annual report on industrial safety statistics 2022–23*. Directorate General Factory Advice Service & Labour Institutes.